# માછલીની ભૂલ

– નવીન જોષી

એક સુદર તળાવ હતુ. એ તળાવમા રગબેરગી માછલીઓ રહે. નાની માછલી, મોટી માછલી, પીળી માછલી, લાલ માછલી, લીસી માછલી, કાટાવાળી માછલી.

એ તળાવના કાઠે અસખ્ય ઝાડ, ઝાડ ઉપર પખીના માળા. કોયલના, કાગડાના, બગલાના, હોલાના માળા. આમ, ઝાડ ઉપર પખીઓ બેસે ને ઝાડ નીચે બતક આટા મારે.

તળાવની માછલીઓમા એક માછલી વાતોડિયણ હતી. તે કાઠે આવીને સુદર અવાજમા ગીત ગાય :

**પાણીમા તરવાની કેવી મજા ભાઈ કેવી મજા,**

**કાદવમા લસરવાની કેવી મજા ભાઈ કેવી મજા.**

**ઘડીમા ઉપર ને નીચે ઘડીમા,**

**પાણીમા તરીએ જાણે નાવડીમા,**

**પાણીમા ડૂબવાની કેવી મજા ભાઈ કેવી મજા,**

**પાણીમા તરવાની કેવી મજા ભાઈ કેવી મજા.**

પછી ઝાડ પરના પખીઓ સાથે એ વાતે વળગે. ‘અમારે તો કેવી મજા ! એક હલેસુ માર્યુ કે તળાવના બીજા કાઠે ! એક ડૂબકી મારી કે તળાવના તળિયે જઈને બેસીએ. અમને ઠડીના લાગે, અમને ગરમીના લાગે ને ચામાસાની તો અમને અસર જ ના થાય!’

ત્યા કાગડો બોલ્યો, ‘અમે આકાશમા ઊડીએ, ઘડીમા નીચે જઈએ. અમે તો ડુગરાની પેલે પાર પણ જઈએ. બીજા રાજ્યમા પણ જઈએ. નવા દોસ્તો બનાવીએ.

ત્યા વળી હસ બોલ્યો, ‘અમે ખૂબ ઊંચે ઊડીએ ત્યારે તારુ આ તળાવ તો સાવ ખાબોચિયુ લાગે અને દરિયો તો તે જોયો જ ના હોય ને ! દરિયા પાસે તારુ તળાવ પાણીનુ ટીપુ લાગે.

ચકીબહેન કહે, ‘ઝાડની ડાળ ઉપર બેસી અમને તો હીંચકા ખાવાની મજા પડી જાય !



માછલીના મનમા થય કે, ‘અમે પણ ઊડી શકતા હાત તો કેવુ સારુ હતુ ! આટલા પાણીમા શુ મજા આવે ?

આ તો કઈ જીવન છે ? ભલે એક છેડેથી બીજા છેડે તરો, પણ બધિયાર તો ખરા ને ! એમાય ઉનાળામા તો સાવ ખાબોચિયુ થઈ જાય. આના કરતા ઊડતા શીખી જઈએ તો

કેવુ !' આમ વિચારીને તેણે બીજી બધી માછલીઓને ભેગી કરી.એ વાતોડિયણ માછલીએ કહ્યુ, 'ધારો કે આપણે ઊડી શકીએ તો કેવુ ?'

બધી માછલીઓને લાગ્યુ કે આનુ મગજ ચસકી ગયુ લાગે છે. એક ઘરડી માછલી બોલી, 'એ પખીઓ તો કહે, આપણે એમનો વિશ્વાસ ના કરીએ. તારી વાત જ ખોટી છે.'

ત્યારે આ વાતોડિયણ માછલી બોલી, 'એ કોઈ અજાણ્યા નથી, હુ બધાને ઘણા સમયથી ઓળખુ છુ.'

પણ આ માછલીએ તો નક્કી જ કરી લીધુ હતુ કે ઊડતા શીખવુ જ છે. તેના જેવી થોડી માછલીઓનો તેને સાથ મળ્યો. પછી એ તો વહેલી ઊઠી ને ગઈ તળાવને કાઠે. કાગડાને, કોયલને, બગલાને, બતકને, જળકૂકડીને, હસને, હોલાને એમ બધાને બોલાવ્યા. પછી કહે, 'તમે અમને ઊડતા ના શીખવો ?'

પખી કહે, 'તમે અમને તરતા શીખવો અમે તમને ઊડતા શીખવીએ, પણ ફાઈનલ જવાબ કાલે આપીએ.'

સાજના ઝાડ ઉપર બધા પખીની મોટિગ થઈ. કાગડો બોલ્યો, 'મારા દાદા કહેતા કે અજાણ્યાનો વિશ્વાસ કરવો નહીં અને અજાણ્યા પાણીમા પડવુ નહીં. એટલે તરવામાથી મારુ નામ કાઢો નાખજો.'

એની વાત સાભળીને ચકલી, હોલો કાબર જેવા ડાહ્યા પખી ઊભા થઈ ગયા, પણ બગલો કહે, 'મારા દાદા કહેતા કે કોઈ શીખવનાર હોય તો પાણીમા જવામા વાધો નહીં. ત્યાર પછી બીજા દિવસથી તરવાનુ શરૂ કરવાનુ નક્કી કર્યું.

માછલી તો કુશળ તરવૈયો. આટલા પખીઓને તો તેણે અઠવાડિયામા તરતા શીખવી દીધુ. પછી માછલીઓને ઊડતા શીખવાનો વારો આવ્યો બગલાભાઈએ તો પ્રેમથી માછલીને ચાચમા પકડીને બહાર કાઢોને પોતાની બાજુમા ઝાડ ઉપર બેસાડી, પણ આ શુ, માછલીતો તરફડવા લાગી, પાણીથી બહાર પ્રાણવાયુ વગર માછલી મરી જ જાય ને !

પછી બગલાભાઈ માછલીને ખાઈ ગયા. એને તો મજા આવી ગઈ. એને તો મજા આવી. તરત પાણીમા જઈને બીજી માછલી પકડી. તેને જોઈ બતક, જળકૂકડી, હસ પણ માછલી પકડવા લાગ્યા. જળકૂકડી તો ડૂબકી મારીને માછલી પકડે. આમ જે પખીઓને તેમણે તરતા શીખવ્યુ તે જ પખીઓ તેમના માટે પ્રાણઘાતક સાબિત થયા.

■